# MSUમાં ન્યૂ ઈન્ડિયા ફોર યંગ ઈન્ડિયા અંતર્ગત કાર્યક્રમ યોજાયો

# ત્રણ વર્ષમાં ૧૦ કરોડ યુવાનો માટે રોજગારીની તકો : રાજીવ ચંદ્રશેખર

## બીબીએ બિલ્ડિંગ ખાતે કેન્દ્રીય રાજ્ય મંત્રીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો

વડોદરા

એમએસ યુનિવર્સિટી ખાતે આજરોજ ન્યુ ઈન્ડિયા ફોર યંગ ઈન્ડિયા વિષય પર ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને સૂચના પ્રાદ્યોગિકી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખર તેમજ રાજ્યના ઉચ્ચ શિક્ષણના રાજ્ય મંત્રી કુબેર ડિંડોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

એમએસ યુનિવર્સિટી બીબીએ બિલ્ડિંગ ખાતે દિપ ઓડિટોરીયમમાં ન્યુ ઈન્ડિયા ફોર યંગ ઈન્ડિયા અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરે જણાવ્યું હતું કે, આગામી એક જ વર્ષમાં ભારતની ડિઝીટલ ઈકોનોમી એક ટ્રિલિયન ડોલરને આંબી જશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પ દેશને પાંચ ટ્રિલિયન ડોલરની ઈ કોનોમી બનાવવાના સંકલ્પમાં ડિઝીટલ ઈકોનોમીનો હિસ્સો ૨૫ ટકા જેટલો હશે. આગામી ત્રણ વર્ષના સમયમાં આ ડિઝીટલ ઈ કોનોમીમાં ૧૦ કરોડ યુવાનોને નોકરી મળશે, તેવું પણ આકલન કરવામાં આવી રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિવિધ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ શરૂ કરવાની વિપુલ તકો રહેલી છે. સેમિ કન્ડક્ટર, સ્પેસ, મટિરિયલ્સ, ડ્રોન, એઆઈ, રિન્યુએબલ એનર્જી અને ઈલેક્ટ્રોનિક્સ કેટેગરીમાં સ્ટાર્ટઅપની વ્યાપક તકો છે. છેલ્લા બે વર્ષ દરમિયાન દેશમાં એક સો યુનિકોર્ન એવો છે કે, જેમની વેલ્યુ રૂ. ૮૦ હજાર કરોડ જેટલી થવા જાય છે. એટલું જ નહીં કેન્દ્ર સરકાર દ્વારા લિગલ ફ્રેમ વર્ક તૈયાર કરીને આ ક્ષેત્રને વધુ જવાબદેહી બનાવવામાં આવ્યું છે. સાયબર સિક્યુરિટી માટે સરકાર સતત પગલા લઈ રહી છે.

તેમણે ઉમેર્યુ હતું કે, વડા પ્રધાનની દુરંદેશિતાથી ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સની ૨૦૧૬માં રચના કરવામાં આવી છે. હવે દુનિયાએ હાઈડ્રોપાવર ઉપરની નિર્ભરતા ઘટાડી પુન: પ્રાપ્ય ઊર્જા તરફ વળવાની જરૂર છે. ઊર્જાના આ ક્ષેત્રમાં પણ ભારત આગેકૂચ કરી રહ્યું છે.



તસવીરમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખર, રાજ્ય મંત્રી કુબેર ડિંડોર અને MSUના વીસી ડો. વિજય શ્રીવાસ્તવ નજરે પડે છે.

## સ્કિલ ઇન્ડિયા અને ડિજિટલ ઇન્ડિયાના પાયા ઉપર નવા ભારતનું નિર્માણ થઇ રહ્યું છે : ચંદ્રશેખર

રાજીવ ચંદ્રશેખરે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધતા જણાવ્યું કે, મેઇક ઇન ઇન્ડિયા, સ્કિલ ઇન્ડિયા અને ડિઝીટલ ઇન્ડિયાના પાયા ઉપર નવા ભારતનું નિર્માણ થઇ રહ્યું છે. દેશ આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યો છે. આવનાર દાયકો ભારતનો છે. આગામી ૧૦ વર્ષ ન્યુ ઇન્ડિયા ફોર યંગ ઇન્ડિયાના સૂત્રને સરકાર યુવાશક્તિ સાથે મળીને સાકાર કરશે. ભારતમાં ટેક્નોલોજી અને કૌશલ્ય વિકાસ ક્ષેત્રમાં રહેલી વિશાળ તકોમાં દેશમાં ટેકેડ ઓફ ઓપોર્ચ્યુનિટી સર્જશે.

## બે વર્ષમાં સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત દેશમાં નંબર વન રહ્યું : કુબેર ડિંડોર

રાજ્યના ઉચ્ચ શિક્ષણ રાજ્ય મંત્રી કુબેર ડિંડોરે પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ગુજરાત છેલ્લા બે વર્ષમાં સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ પર્ફોમન્સ રેન્કિંગમાં નંબર વન ઉપર રહ્યું છે. ભારત સરકાર દ્વારા ગુજરાતને શ્રેષ્ઠ પ્રદર્શન માટે બેસ્ટ પર્ફોમન્સ સ્ટેટનો એવોર્ડ પણ અપાયો છે. આજનો યુવાન સમાજને મદદરૂપ થવા સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં નવા નવા ઇનોવેશન કરી રહ્યો છે. જે ભારત અને ગુજરાત માટે ગૌરવની વાત છે.